ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંકઃ ૨૦(૫) માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ-૧૨૧૧/૯૪૫/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૫/૦૯/૨૦૧૧

**વંચાણે લીધાઃ-**

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૧૩/૦૭/૨૦૧૧ ના પત્ર ક્રમાંકઃ મઉમશબ-ગ-ટે-૧/૩૨૨૮/૩૧.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૩૦/૦૬/૨૦૧૧ ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ ક્રમાક ૨૭/૨૦૧૧.

**ઠ રા વઃ-**

આમુખ ક્રમાંક (૧) માં દર્શાવેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા ૧૩/૦૭/૨૦૧૧ના પત્ર અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ ક્રમાકઃ ૨૦(૫)ની જોગવાઇમાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાક-૨૦(૫)માં આ સાથેના પત્રકમાના કોલમઃ૨ માં હાલની જોગવાઇને બદલે કોલમઃ૩ મુજબ સુધારેલી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.ડી.હળપતિ )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ
માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. (સંબંધીતોને પરિપત્ર કરવા સહ)
કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓ ગુજરાત રાજય ગાંધીનગર.
કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર..
સીલેકટ ફાઇલ,નાયબ સેકશન અધિકારી સીલેકટ

# શિક્ષણ વિભાગના તા ૧૫—૦૯-૨૦૧૧ના ઠરાવ ક્રમાંક મશબ-૧૨૧૧-૯૪૫-છ, સાથેનુ બિડાણ

| | વિનિયમ ક્રમાંકઃ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| | (૧) | (૨) | (૩) |
| | ૨૦(૫) | કોઇ વ્યકિતને-<br>(ક) તેણે અઢાર વર્ષની ઉમંર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ) (૧) માધ્યમિક શાળા પ્રમાણપત્ર તે ધરાવતી હોય, અને<br>(૨) મિકેનીકલ, ઇલેકિટ્રકલ, ઓટોમોબાઇલ અથવા યથાપ્રસંગ, સિવિલ એન્જીનીયરિંગનો ડિપ્લોમાં, અથવા<br>(૩) સિલાઇકામનો અથવા યથાપ્રસંગ, ભરતકામનો અથવા એ બંન્નેનો ડિપ્લોમાં અથવા જુદા જુદા હુન્નરોના અભ્યાસક્રમોમાં ડિપ્લોમાં ધરાવતી હોય, તે સિવાય, હુન્નર ઉદ્યોગ શિક્ષક તરીકે નીમી શકાશે નહીં. | કોઇ વ્યકિતને-<br>(ક) તેણે એકવીસ વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય, અને<br>(ખ) (૧) કોઇપણ જગ્યા-શાખાના સ્નાતક + M.C.A અથવા PGDCA + B.Ed<br>**અથવા**<br>(૨) સ્નાતક કક્ષાએ કોમ્પ્યુટરનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ + B.Ed<br>**અથવા**<br>(૩) ચાર વર્ષના અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગ કે તેની સમકક્ષ સ્નાતક ની ડીગ્રી + B.Ed |